**–:: <u>ગળતેશ્વરનાં મહે.પ્રિન્સી.સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સેવાલીયા.</u> ::–**

**રે.દિ.કેસ નં. ૦૩/૨૦૨૦**

**વાદી :–** જીતેન્દ્રભાઈ કીશોરભાઈ પટેલ, ઉ.વ.પપ,ધંધો–ખેતી.
રહે.પટેલ ખડકી, મુ. માલવણ , તા.ગળતેશ્વર, જી.ખેડા.

**<u>વિરૂધ્ધ</u>**

**પ્રતિવાદી :–** પટેલ દશરથભાઈ કિશોરભાઈ, ઉ.વ.આ.પ૩, ધંધો–ખેતી,
રહે.પટેલ ખડકી, મુ. માલવણ , તા.ગળતેશ્વર, જી.ખેડા.

**–:: <u>આંક–પ તથા આંક–૧૧ ની અરજી લગત સંયુકત હુકમ</u> ::–**

(૧) અરજી વંચાણે લીધી. પ્રતિવાદી ધ્વારા વાદીની આંક–પ ની અરજી સામે રજુ કરવામાં આવેલ વાંધા–જવાબ વંચાણે લીધો. રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પક્ષકારોની દલીલો ધ્યાને લીધી.

(૨) હાલની આંક–પની અરજીની હકીકતો જોવામાં આવે તો, વાદી અને પ્રતિવાદી સગા ભાઈ થાય છે. ગામ માલવણ, તા. ગળતેશ્વર, જી. ખેડામાં વાદીના સગા કાકા વીઠ્ઠલભાઈ છોટાભાઈ પટેલ તથા સગા કાકી કમળાબેન વીઠ્ઠલભાઈ પટેલની સંયુકત માલીકી કબજા ભોગવટાની પંચાયત મકાન નં.૩૬૩ તથા પંચાયત મકાન નં.૩૬૪ વાળી મીલકતો (મકાનો) આવેલ છે. વાદીના કાકા વીઠ્ઠલભાઈ તા.૨૬/૩/૨૦૦૯ ના રોજ તથા કાકી કમળાબેન તા.૨૧/૧૨/૨૦૧૭ ના રોજ અવસાન પામેલ છે. વાદીના કાકા કાકી નીર્વસ અવસાન પામેલ છે. ગ્રામ પંચાયત મકાન નં.૩૬૩ ની પુર્વેઃ–શેખવગાવાળુ ફળીયુ તથા પશ્ચિમેઃ– દલ્લો બીબી અહમદમીયાની મીલકત તથા ઉત્તરે – જાહેર રસ્તો તથા દક્ષિણે – ગામ પંચાયત મકાન નં.૩૬પ વાળી મીલકત આવેલી છે. તેમજ ગામ પંચાયત મકાન નં.૩૬૪ની પુર્વે – શેખવગાવાળુ

ફળીયુ તથા પશ્ચિમે – દલ્લો બીબી અહમદમીયાની મીલકત તથા ઉત્તરે – ગામ પંચાયત મકાન નં.૩૬૪ વાળી મીલકત તથા દક્ષિણે – ગામ પંચાયત મકાન નં.૩૬૫ વાળી મીલકત આવેલી છે. આ બન્ને દાવાવાળી મીલકતો અંગે પ્રતિવાદીએ વાદીના કાકા કાકીની વૃધ્ધાવસ્થાનો લાભ લઈને તથા વાદીના કાકા પ્રોસ્ટેટના કેન્સરની બીમારીથી પીડાતા હોઈ તથા તેઓ બન્નેની મજબુરીનો લાભ લઈને અને બન્નેની મુકત સંમતી વગર તથા તેઓ બન્નેની જાણ બહાર તા.૧૨/૦૧/૨૦૦૯ ના રોજ તદ્દન ગેરકાયદેસર રીતે બક્ષીસ લેખ કરાવી લીધેલ અને પં ચાયતના રેકર્ડમાં પ્રતિવાદીએ તેમનુ નામ પણ સંયુકત રીતે ચઢાવી દીધેલ. પરંતુ વાદીના કાકીને આ ગેરકાયદેસર બક્ષીસ લેખની જાણ થતાં વાદીના કાકી કમળાબેન વીઠ્ઠલભાઈ પટેલે તા.૨૪/૦૬/૨૦૧૬ ના રોજ આ બક્ષીસ લેખ રદ કરતુ સોંગદનામુ ગળતેશ્વર તાલુકાના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ કરી અને પ્રતિવાદીનુ નામ પંચાયત રેકર્ડમાંથી દુર કરાવવાની કાર્યવાહી પણ કરેલી. આમ પ્રતિવાદી વાદીના કાકા, કાકીનો તદ્દન ગેરકાયદેસર રીતે કરાવી લીધેલ બક્ષીસ લેખ મીલકત હસ્તાંતર ધારાની કલમ–૧૨૨, ૧૨૩, ૧૨૪ તથા ૧૨૫ ની જોગવાઈઓની વિરૂધ્ધ હોઈ તથા બક્ષીસ લેખ વાદીના કાકીએ રદ કરેલો હોઈ મીલકત હસ્તાં તર ધારાની કલમ–૧૨૬ મુજબ કાયદેસર રીતે રદ કરવામાં આવેલ છે તથા બક્ષીસ લેખ રજીસ્ટ્રેશન એકટની કલમ–૧૭ પ્રમાણે તથા મીલકત હસ્તાંતર ધારાની કલમ–૧૨૩ પ્રમાણે ફરજીયાત રજીસ્ટર્ડ થયેલ હોવો જોઈએ. જેથી કાયદાની જોગવાઈઓ જોતા પણ પ્રતિવાદીએ તા.૧૨/૦૧/૨૦૦૯ ના રોજ ગેરકાયદેસર રીતે કરાવી લીધેલ બક્ષીસ લેખ મૂળથી જ ગેરકાયદેસર તથા રદબાતલ છે. આમ વાદીના કાકી કમળાબેન વીઠ્ઠલભાઈ પટેલે આ બક્ષીસ લેખ રદ કર્યા બાદ વાદીને સ્વેચ્છાએ શુધ્ધ બુધ્ધિથી તથા તનમનની સારી અવસ્થામાં તા.૯/૧૧/૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત મકાન નં.૩૬૩ તથા ગામ પંચાયત મકાન નં.૩૬૪ વાળી દાવાવાળી મીલકતો અંગે નોટરી પબ્લીક સમક્ષ સાક્ષીઓની હાજરીમાં કાયદેસરનુ વીલ કરી આપેલુ છે. તે અંગે વાદીના કાકીની સંપુર્ણ દેખરેખ તથા ભરણ પોષણ તથા તેણીના અવસાનની તમામ ધાર્મિક ક્રિયાઓ પણ વાદીએ કરેલી છે. આમ વાદીના કાકીએ કરી આપેલ વીલના આધારે આ મીલકતો અંગે તેમનુ નામ પંચાયતના રેકર્ડમાં વાદીના કાકીના અવસાન બાદ વાદીનું નામ દાખલ થયેલ છે. આમ આ બન્ને મીલકતોના વાદી કાયદેસરના માલીક તથા

કબજેદાર બનેલ છે. વધુમાં વાદી જણાવે છે કે, વાદીના કાકી કમળાબેને જાતે તેમની હયાતીમાં પ્રતિવાદીએ તા.૧૨/૦૧/૨૦૦૯ ના રોજ ગેરકાયદેસર રીતે કરાવી લીધેલ બક્ષીસ લેખના આધારે માલવણ ગામ પંચાયતે તા.૨૧/૦૮/૨૦૦૯ ના રોજ ઠરાવ નં.૧૧૮/૪ થી પોતાનુ નામ પંચાયતના રેકર્ડમાં દાખલ કરાવેલ તે ઠરાવ સામે ખેડા જિલ્લા પંચાયત મુ.નડીયાદ સમક્ષ ગુજરાત પંચાયત એકટની કલમ–૨૪૨ પ્રમાણે અપીલ દાખલ કરેલ. જેમાં ચાલુ અપીલ દરમ્યાન વાદીના કાકી કમળાબેનનું અવસાન થતા વાદીનું વીલના આધારે ત્રાહીત પક્ષકાર તરીકે નામ દાખલ થયેલ અને આ અપીલની કાર્યવાહી વાદીએ ચાલુ રાખેલ. આ અપીલની કાર્યવાહીમાં વાદીએ તા.૦૯/૧૧/૨૦૧૭ નું વીલ રજુ કરતાં અપીલ સમીતીએ તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ કરેલ ઠરાવ નં.૧૧૮/૪ રદ કરવાનો તથા તા.૦૯/૧૧/૨૦૧૭ ના વીલના આધારે આ મીલકતોમાં ગ્રામ પંચાયતના રેકર્ડમાં વાદીનું નામ દાખલ કરવાનો હુકમ કરેલો. તે પ્રમાણે વાદીનું નામ માલવણ ગામ પંચાયતના રેકર્ડમાં માલીક તથા કબજેદાર તરીકે દાખલ થયેલ. પરંતુ પ્રતિવાદીએ આ હુકમ સામે ગુજરાત રાજયના અધિક વિકાસ કમિશ્નરશ્રી મુ.ગાંધીનગર સમક્ષ અપીલ નં.૩૯/૨૦૧૮ કરેલી. જેમાં નામદાર અધિક વિકાસ કમિશ્નરશ્રીએ તા.૨૬/૦૯/૨૦૧૯ ના રોજ હુકમ કરીને બંને પક્ષકારોને માલીકી હકક સંબધે યોગ્ય જણાય તો સક્ષમ નામદાર કોર્ટમાં દાદ મેળવવા જણાવેલ છે. જેનો લાભ લઈને પ્રતિવાદી દાવાવાળી મિલકતોનો પ્રત્યક્ષ કબજો વાદી પાસેથી છીનવી લેવાનો પ્રયત્નો કરી રહયા છે અને ગ્રામ પંચાયતના રેકર્ડમાં તેમનું નામ ફરીથી દાખલ કરાવવાના પ્રયત્નો કરી રહયા છે અને વાદી પ્રતિવાદીને આ મિલકતોનો ઉપયોગ કરતાં અટકાવવાના પ્રયત્નો કરી રહયા છે. તા.૧૦/૦૧/૨૦૨૦ ના રોજ દાવાવાળી મીલકતો અંગે ઝઘડો કરીને દાવાવાળી મિલકતોનો પ્રત્યક્ષ કબજો લઈ લેવાની ધમકીઓ આપેલ છે. આમ વાદી તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજ કાયદેસરના વીલના આધારે કાયદેસરના માલીક હોવા છતાં પ્રતિવાદી તેમની પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટાની દાવાવાળી મીલકતોનો પ્રત્યક્ષ કબજો લઈ લેવાનો પ્રયત્ન કરતાં હોવાથી તથા વીલ કાયદેસર ઠરાવવા તથા પ્રતિવાદીએ કરાવી લીધેલ ગેરકાયદેસર બક્ષીસ લેખ રદ કરાવવા તથા પ્રતિવાદી સામે કાયમનો મનાઈ હુકમ મેળવવા આ દાવો કરવાની જરૂર પડી છે. આ દાવો કરવાનું કારણ વિકાસ કમિશ્નરશ્રીએ દાવાવાળી

મિલકતો અંગે તા.૨૬/૦૯/૨૦૧૯ ના રોજ માલીકી હકક સબંધે સક્ષમ નામદાર કોર્ટમાંથી દાદ મેળવવાનો હુકમ કર્યો ત્યારથી તથા પ્રતિવાદીએ તા.૧૦/૦૧/૨૦૨૦ ના રોજ દાવાવાળી મીલકતોનો પ્રત્યક્ષ કબજો લઈ લેવાની ધમકીઓ આપી ત્યારથી નામદાર કોર્ટની હુકમતમાં ઉત્પન્ન થયેલુ છે તેમ જણાવી દાદ માંગેલ છે કે, ગામ માલવણ, તા.ગળતેશ્વર, જી.ખેડામાં આવેલી ગ્રામ પંચાયત મકાન નં.૩૬૩ તથા ૩૬૪ વાળી દાવાવાળી મીલકતોનો પ્રત્યક્ષ કબજો પ્રતિવાદી જાતે તથા તેમના વારસો તથા એજન્ટો મારફતે તેઓ વાદી પાસેથી લે લેવડાવે નહી તેવો પ્રતિવાદીને આ દાવાનો નીકાલ થતાં સુધી કામચાલઉ મનાઈ હુકમ આપવાનો હુકમ કરવા તથા નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ આપવા તેમજ આ અરજીનુ તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને ધોરણસર નોટીસ બજી જતા, પ્રતિવાદીએ તેમના વકિલશ્રી મારફતે હાજર થઈ આંક–૯ થી દાવા અરજી તથા મનાઈ અરજી સામે લેખીત વાંધા–જવાબો રજુ કરેલ છે. પ્રતિવાદીઓએ વાદીની હકીકતોનો મહદ અંશે ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો તેમજ કાયદેસર નથી તેમજ દાવો કરવા કાયદેસરનો હકક અધિકાર નથી તેમજ કારણ નથી તેમજ સત્ય હકીકતો છુપાવી નવા ગેરકાયદેસર હકકો ઉભો કરવા તેમજ દાવાને સમય મર્યાદાનો તથા પક્ષકારોની ખામીનો બાધ નડતો હોવાનું તેમજ પ્રતિવાદીને ખોટા સંડોવી દબાણમાં લાવી દાવાવાળી મિલ્કતોમાં ઘુસી જવાનો તેમજ કાયદેસરનો કોર્ટ ફી સ્ટેમ્પ ભરપાઈ ન કર્યો હોવાનું તેમજ વાદીને દાવાવાળી મિલ્કતોમાં કોઈ પણ જાતનુ લાગતુ વળગતુ ના હોવા છતાં તેમજ વાદીએ જન્મ આપનાર માતા–પિતાને મિલ્કતો માટે રસ્તે રખડાવી દીધા હોય અને માતા–પિતાએ વાદી અને તેમના દિકરાની વર્તુણક બાબતે નામદાર કોર્ટમાં ભરણ પોષણનો ખોરાકી દાવો તથા જમીનમાં ગેરકાયદેસર નામ દાખલ કરાવી ખોટા હકક દાવા ઉભા કરવા બાબતે કરેલી કાર્યવાહી હકીકતો છુપાવી હોવાનું તેમજ ગુજરનાર કમળાબેન વિઠ્ઠલભાઈની મૂડી મિલ્કતો કબજે કરી લઈ અને પ્રતિવાદીની દાવાવાળી મિલ્કતમાં પગ પેશારો કરવાના બદ ઈરાદે કરેલો દાવો ખર્ચ સાથે રદ થવાને પાત્ર હોવાનું તેમજ વાદીએ ઉભા કરેલા વસીયતનામાને સક્ષમ અદાલતમાં વીલનો અમલ કરવા કોઈ કાર્યવાહી કરલ ન હોવાનું તેમજ

વાદીના દાવાને હકુમતનો બાધ નડતો હોવાનું તેમજ ગુજરનાર કમળાબેન વિઠ્ઠલભાઈએ વાદીને કહેવાતુ કોઈ વસીયતનામા જેવું લખાણ કરી આપેલ હોવાની જાતે જે તે સરકારી કચેરીમાં જઈ રજૂઆત કરી હોય અરજી આપી હોય વીલ કરી આપેલ હોવાની રજૂઆત કરેલ હોય તેવું ન બનેલ હોવાનું તેમજ વાદીની વસીયતનામાની રજૂઆત ફ્રોડ, દગા, કપટ અને બનાવટ ઉભી કરી તેમના મળતીયાઓની સહીઓ ઉભી કરી તેઓ પ્રતિવાદીના હકકોને નુકશાન કરવાના બદ ઈરાદે કરેલ હોવાનું તેમજ દાવામાં શુધ્ધ બુધ્ધિનો અભાવ હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે વાદી પટેલ ખડકીમાં ગુજરનાર ડાહયાભાઈ લલ્લુભાઈને મળેલી મિલ્કતમાં તેમના કુટુંબ કબીલા સાથે રહે છે તેમજ પ્રતિવાદીને ભુલાભાઈ લલ્લુભાઈ ગુજરનારને મળેલી મિલ્કત તથા દાવાવાળી મિલ્કતોમાં તેમની ખેતી ઉપયોગી ખાતર, બળતરના લાકડા અને વધારાની ઘર વખરી રાખતા આવ્યા છે તેમજ દાવાવાળી મિલકતમાં વીજ વપરાશ ગ્રાહક વિઠ્ઠલભાઈ છોટાભાઈના નામવાળુ જોડાણ બીલ પણ વર્ષો થી તેઓ ભરે છે. તેમજ ગામ માલવણના પટેલ વિઠ્ઠલભાઈ છોટાભાઈ સગા કાકા અને કમળાબેન વિઠ્ઠલભાઈ સગા કાકીએ તેમની હયાતીમાં પ્રતિવાદીને સોંપેલી મિલ્કતો માલીકી હકકે અને પ્રત્યક્ષ કબજે વાદીની તથા તેમના દિકરાઓની જાણમાં પ્રતિવાદી ભોગવે છે, ધારણ કરે છે. મૂળ માલીકોએ પ્રતિવાદીને સોંપેલી મિલ્કતોની તેમની હયાતીમાં કોઈએ તકરાર વિવાદ કરેલી નથી અને તેમના અવસાન બાદ વાદીની બદદાનત થઈ તેથી વાદીએ જિલ્લા પંચાયત અપીલ સમિતીમાં પોતાની વગ વાપરી ખોટા દસ્તાવેજો ઉભા કરી પંચાયત આકારણી દફતરે નામ દાખલ કરાવવા પ્રયત્ન કરેલો જેની પ્રતિવાદીને જાણ થતા કાયદેસરના હકકોના બચાવ કરી વાદીના ઉભા કરેલા લખાણો ખોટા પુરવાર થવાથી જિલ્લા પંચાયત અપીલ સમિતીનો હુકમ મહેરબાન અધિક વિકાસ કમિશ્નર સાહેબે રદ કરેલો છે. માલવણની મિલ્કત નં.૩૬૩ અને ૩૬૪ ના માલીકોએ તા.૧૨/૦૧/૨૦૦૯ ના રોજ ગોરધનભાઈ રામાભાઈ પટેલ અને પટેલ કિરણભાઈ મરઘાભાઈ તથા પટેલ ઈન્દુભાઈ રાવજીભાઈની રૂબરૂમાં કાકા વિઠ્ઠલભાઈએ તથા કાકી કમળાબેન રાજી ખુશીથી લખી આપેલ બક્ષીસ લેખમાં સહી તથા અંગુઠો કરેલ જે કુટુંબનું વ્યવસ્થાનું લખાણ નોટરી પ્રદિપભાઈ ત્રિવેદી રૂબરૂ કરવામાં આવેલ અને તેનો પંચાયત દફતરે તા.૧૨/૦૧/૨૦૦૯ ના બક્ષીસ લેખના ગ્રામ

પંચાયત માલવણની સામાન્ય સભાના ઠરાવ નં.૧૧૮/૨૦૦૪ થી પ્રતિવાદીના હકકોની નોંધણી કરવામાં આવેલી છે. આ બક્ષીસ લેખ આજ દિન સુધી એટલે કે અગિયાર વર્ષ દરમ્યાન રદબાતલ, ગેરકાયદેસર હોવાનું ઠરાવેલ નથી, પડકારેલ નથી અને આ સંજોગામાં વાદીની દાવામાં જણાવેલી ગળે પડાઉ હકીકતો પ્રાથમિકપણે શંકા ઉપજાવતી હોય વાદીને દાવાની કે વચગાળાની કોઈ દાદ પ્રતિવાદી માલીક કબજેદાર વિરૂધ્ધ મળવાપાત્ર નથી. મોજે માલવણની મિલ્કત નં.૩૬૩, ૩૬૪ દાવાવાળી અને અડીને મિલ્કત નં.૩૬૫ જોડા જોડ ના માલીક પ્રતિવાદી છે અને વાદીના દાવાની ખોટી હકીકતો બાબતે આડોશી પાડોશીના પુરાવા સોગં દનામાં આ સાથે રજુ કરેલા છે. પ્રતિવાદીએ તેમના કાકા–કાકીની વુધ્ધ ઉંમર બિમારી અને મજબુરીનો કહેવાતો લાભ લઈ તેમની જાણ બહાર તા.૧૨/૦૧/૨૦૦૯ નો બક્ષીસ લેખ કરાવેલ હોવાની તમામ બીના વાદીએ ખોટી ઉપજાવી કાઢી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરેલ છે. પ્રતિવાદીના રહેઠાણે ગુજરનાર કમળાબેન તથા વિઠ્ઠલભાઈ ગુજરનાર કાકા–કાકી એક જ રસોડે જમતા હતા અને બન્નેની સેવા–ચાકરી દવા સારવાર અને અંતિમક્રિયા પ્રતિવાદીએ કરેલી. ગુજરનાર કાકા–કાકીની જમા થાપણો પણ પ્રતિવાદીના પત્ની ચેતનાબેન દશરથભાઈના નામે મુકેલી. ગુજરનાર કાકીનુ સોનું ૧૫ તોલા પ્રતિવાદી પાસે હતુ તે માટે વાદી ભણેલા તમાકુના વેપારી અને વ્યાજે નાણાં ધીરનાર કરનારે ગુજરનાર કમળાબેન વિઠ્ઠલભાઈની છેલ્લી અવસ્થામાં તેમને કોઈપણ જાતનું શરીર સ્થિતિનું ભાન ના હોય નોટરીને માલવણ બોલાવી તેમના મળતીયા યોગેશભાઈ બાબુભાઈ અને અશિષભાઈ વિઠ્ઠલભાઈ જે વાદીના દિકરા સંદીપના ફોઈ સાસુના દિકરા થતાં હોય તેમની સાક્ષીની સહીઓ કરાવી ખોટા લખાણો ગુજરનાર કમળાબેનની માનસીક બીમારી અને વૃધ્ધ ઉંમરનો ગેરલાભ લઈ ઉભા કરી પંચાયતમાં તથા મામલતદાર કચેરીમાં તે લખાણોનો પ્રતિવાદીના હકકો વિરૂધ્ધ ઉપયોગ કરી તે પ્રકારે હાલનો દાવો કરેલો છે. વાદી પ્રતિવાદીના સગા મોટાભાઈ થાય છે. રૂપિયાના જોરે ફાવતુ કરી શકે તેવા સક્ષમ છે. સને–૨૦૦૯ ના પંચાયત ઠરાવની વાદીને જાણ હોવા છતાં વાદીએ કોઈ અપીલ કે રીવીઝન કરી નથી પરંતુ જિલ્લા પ્રમુખના વગના કારણે ગુજરનાર કમળાબેન વિઠ્ઠલભાઈ તા.૨૧/૧૨/૨૦૧૭ ના રોજ ગુજરી ગયેલ હોવા છતાં તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજ અધ્યક્ષ જિલ્લા પંચાયત પ્રમુખ પાસે પ્રતિવાદીની દાવાવાળી મિલ્કતોનો હુકમ

કરાવી લઈ પંચાયત દફતરે દાખલ કરવા પ્રયત્ન કરેલો જે સત્તા અને હકુમત બહારનો તેમજ કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો હુકમ મહેરબાન અધિક વિકાસ કમિશ્નર સાહેબે તા.૨૬/૦૯/૨૦૧૯ ના રોજ રદ કરેલો અને વાદીનું નામ જિલ્લા પંચાયત અપીલ સમિતિને સત્તા ના હોય તેમ છતાં કરેલા હુકમ રદ કરી વાદીનું નામ રાજકીય વગના આધારે દાખલ કરાયેલ તે રદ કરવા હુકમ કરેલ છે. તે સામે વાદીએ કોઈ રીવીઝન નામદાર વડી અદાલતમાં કરેલ નથી અને આ સંજોગોમાં વાદીને દાવાવાળી મિલ્કતમાં કોઈ પણ જાતનો હકક અધિકાર ના હોવાનું પુરવાર થયેલ છે અને દાવાવાળી મિલ્કતનો પ્રતિવાદીનો બક્ષીસ લેખ વાદીએ ગુજરનાર કમળાબેનના નામથી ઉભા કરેલા લખાણોથી રદ થતો નથી. બક્ષીસ લેખ કરી આપનાર ગુજરનાર કાકા અને કાકી બંને જણાએ પ્રતિવાદીને કરી આપેલો. પ્રતિવાદી નામદાર કોર્ટને ભારપુર્વક જણાવીએ કે વાદીએ બદદાનતથી કમળાબેન ગુજરનારના નામથી ઉભા કરેલા કોઈ લખાણોમાં ગુજરનાર કમળાબેનનો અંગુઠો નથી. અંગુઠાની ઓળખનું લખાણ વાદીના હસ્તાક્ષરમાં છે અને આમ પ્રતિવાદીનો બક્ષીસ લેખ કાયદેસરનો હોવાથી સને–૨૦૦૯ થી અમલમાં આવી ગયેલ છે. વાદીના દાવામાં ટ્રાન્સફર પ્રોપર્ટી એકટની કલમો લાગુ પડી શકે તેમ નથી. ગુજરનાર કમળાબેન વિઠ્ઠલભાઈએ તેમની હયાતીમાં પ્રતિવાદીએ પ્રાપ્ત થયેલ હકકો વાળું કોઈ લખાણ રદ હોવાનું જણાવેલ નથી. તા.૦૯/૧૧/૧૭ ના રોજ દાવાવાળી મિલ્કતોનું કોઈ કાયદેસરનું વીલ વાદીને ગુજરનાર કમળાબેને કરી આપેલ હોવાની તમામ હકીકતો ખરી નથી. તેમજ વાદીએ ખરીદેલ સમંતિ કરાર નામવાળો અને વારસાઈના રૂા.૧૦૦ +૨૦+૧૦૦ વાળા સરકારી સટેમ્પ તારીખે ગુજરનાર કમળાબેન પથારીવશ બેભાન હાલતમાં હોવા છતાં તેમના નામે ખોટા પુરાવા ઉભા કરવા કરેલા લખાણો રદબાતલ હોવાથી વાદીના કોઈ પુરાવા વાદીનો દાવા વાળી મિલ્કતોમાં હકક અધિકાર કે કબજો હોવાનું પુરવાર કરેલા નથી. દાવાવાળી મિલકતના દાવા તારીખના રેવન્યુ રેકર્ડ ઓફ રાઈટના પુરાવા રજુ ના કરી એક તરફી હુકમ મેળવી નામદાર કોર્ટને ગેરમાર્ગ દોરવા વાદીની વર્તણુંક ધ્યાને લેતા વાદીનો સ્વચ્છ હાથે ન્યાય મેળવવા દાવો ના હોય બદલાની ભાવનાથી કરેલો દાવો ખર્ચ સાથે રદ કરવા પાત્ર છે. વસીયત કાયદાની જોગવાઈઓ પ્રમાણે પ્રતિવાદીએ ઉભા કરેલા વસીયત જેવા લખાણને પડકારેલ હોય વાદી વીલના અમલીકરણ માટે પ્રોબેટ હુકમ ના મેળવે ત્યાં સુધી

વાદીના પુરાવા પીસ હોફ પેપર (કાગળનો ટુકડો) ગણાય. વાદીએ ગુજરનાર કાકા–કાકીની દેખરેખ, ભરણ પોષણ કે તેમની અંગત ક્રિયાઓ કરેલ ના હોય ટ્રીક ફોટોગ્રાફીના જાણકારી દીકરાની સંદિપના મદદગારી થી ફોટાના પુરાવા ઉભા કર્યા હોય તેવુ પણ જાણવા મળેલ છે. વાદીએ ગુજરનાર કમળાબેનની કોઈ દેખરેખ રાખી હોય કે ભરણ પોષણ કર્યુ હોય કે તેમના અવસાનની તમામ ધાર્મિક ક્રિયાઓ વાદીએ કરેલ હોય કે દાવાવાળી મિલકતો વીલ થી મળી હોય મુળ માલીકે સભાનપણામાં રાજીખુશીથી વાદીને વીલ કરી આપેલ હોય તેવી તમામ હકીકતો ખરી નથી. પંચાયત દફતરે દાખલ થવામાં નિષ્ફળ જતાં દાવો કરી તેઓ પ્રતિવાદીને હેરાન કરવા કરેલો દાવો રદ થવાને પાત્ર છે. ગુજરનાર કમળાબેને તેઓ પ્રતિવાદીનો બક્ષીસ લેખ રદ કરેલ હોવાની કે ગુજરનાર કમળાબેને દાવાવાળી મિલ્કતોની અપીલ કરેલ હોવાની કે ગુજરનાર કમળાબેન જાતે ચાલીને જિલ્લા પંચાયતમાં તલાટી ચોરામાં કોઈપણ રજૂઆત કરવા આવ્યા હોય તેવું બેનલ નથી. પરંતુ દાવાવાળી કિંમતી પ્રતિવાદીની મિલ્કતોમાં ગેરકાયદેસર ઘુસી જવા કમળાબેનના નામ થી ખોટા પુરાવા ઉભા કરવામાં આવેલા છે. વાદીએ જિલ્લા પંચાયતમાં ઉભી કરેલ અપીલ કરનાર ગુજરી જતાં વાદીને પક્ષકાર તરીકે વિવાદીના સ્થાને દાખલ કરેલ નથી. અપીલ એબેટ થયેલી તેમ છતાં જિલ્લા પંચાયતમાં વગના કારણે ફાવતો હુકમ મેળવી પ્રયત્ન કરેલો અને આ સંજોગોમાં દાવાવાળી મિલ્કતોમાં ગેરકાયદેસર પ્રવેશ કરવા વાદીએ તેમના દિકરા સંદિપ મારફતે કાયદો હાથમાં લેતા તા.૩૦/૦૧/૨૦૨૦ ના રોજ સેવાલીયા પોલીસમાં પ્રતિવાદીને ફરીયાદ કરવા ફરજ પડેલી. આમ દાવાવાળી મિલ્કતોમાં વાદીનો કોઈ હકક અધિકાર ના હોય અટકાવવાનો પ્રશ્ન અસ્થાને છે. તા.૧૦/૦૧/૨૦૨૦ના રોજ પ્રતિવાદી બહાર હોય દાવાવાળી મિલ્કત અંગે કહેવાતો ઝઘડો થયો કે કહેવાતી ધમકી આપેલ હોવાની તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલી છે. વાદીએ અને તેમના દિકરાએ પ્રતિવાદીની મિલ્કત નં.૩૬૩ તથા ૩૬૪ ના મુખ્ય ઝાપાનું તથા જાળીનું તાળુ તોડવા પ્રયત્નો કરેલ તે સમયે પ્રતિવાદીના માતા–પિતા કિશોરભાઈ છોટાભાઈ અને શારદાબેન કિશોરભાઈ એ વાદીને અટકાવેલા. આમ વાદી કાયદો હાથમાં લેવા ટેવાયેલા છે અને રૂપિયાના જોરે ઉભા કરેલા લખાણો આગળ ધરી દાવાવાળી મિલ્કતોમાં તેઓ દાખલ અંતરાય કરતાં હોય તેઓ પ્રતિવાદીને વાદી અને તેમના દિકરાઓ વિરૂધ્ધ સામો દાવો કરવા

જરૂર પડી છે. વાદીના દાવાની હકીકતો અને માંગેલી દાદ મંજુર રાખવામાં આવે તો વચગાળાના તબકકે વાદીને પ્રતિવાદીની મિલ્કતોમાં નવો હકક પુરાવા અગાઉ મળી જાય અને આ સંજોગોમાં પ્રતિવાદીને નાણાંથી બદલો ના વાળી શકાય તેવું ગંભીર પ્રકારનુ નુકશાન સહન કરવાનો વારો આવે તેમ છે. વાદીએ રજૂ કરેલ રૂા.૧૦૦/– નો સ્ટેમ્પ નં.૨૪ ૪૬૧૧૬ વસીયત નામાનો નથી. કમળાબેન વિઠ્ઠલભાઈનો અંગુઠો નથી. ઉભા કરેલ અંગુઠા કોઈની રૂબરૂમાં નથી. નોટરી બી.આઈ.પટેલના રજીસ્ટરમાં કમળાબેનનો અંગુઠો નથી. તેવી જ રીતે સ્ટેમ્પ નં.૧૭૬૫૫૨૪ રૂા.૨૦/– નો સ્ટેમ્પ સોગંદનામા માટે પણ નથી. તેમાં કમળાબેન વિઠ્ઠલભાઈના અંગુઠો નથી કે ઓળખ નથી. રૂા.૧૦૦/– ના નં. ૨૬૪૬૩૨૮ ઉપર કોઈ વારસાઈ લખાણ નથી. તેમજ કમળાબેન વિઠ્ઠલભાઈનો અંગુઠો કે ઓળખ કે સાક્ષી નથી. વાદીએ રજુ કરેલ ઉભા કરેલા લખાણોમાં પ્રતિવાદીને બક્ષીસ લેખ તા.૧૨/૦૧/૨૦૦૯ ની કબુલાત લખેલી છે તેમજ મિલકત નં.૩૬૩ અને ૩૬૪ પ્રતિવાદીની હોવાનુ કબુલ કરેલ છે. આ સંજોગોમાં વાદીના દાવાવાળી મિલ્કતોમાં કોઈ પણ પ્રકારના હકક, અધિકાર હોવાનું માની શકાય તેમ નથી. જિલ્લા પંચાયત અપીલ સમિતિમાં વાદીને દાખલ કરવા કોઈ અરજી કે હુકમ નથી. ગુજરનાર કમળાબેનના નામથી વાદીએ પૂર્વ આયોજીત કામગીરી કરી છેવટ સુધી વાદીને કોઈપણ જાતનો હકક અધિકાર ના મળતાં સરકારી રેકર્ડમાં દાખલ ના કરતાં હાલનો દાવો કરી પ્રતિવાદીની દાવાવાળી મિલકતોને નુકશાન કરવા પ્રતિવાદીના હકકોને નુકશાન કરવા કરેલો દાવો રદ કરવા પાત્ર છે. તેમજ દાવાના કામે તેમના દસ્તાવેજો પુરાવા અને પ્રત્યક્ષ કબજા ભોગવટાના પુરાવા ધ્યાનમાં લઈ પ્રતિવાદી નોંધાયેલા માલીક અને કબજેદાર હોય વાદી થી તેમના હકકોને ગંભીર પ્રકારનો ભય હોય વાદી અને તેમના દિકરા અવાર–નવાર પ્રતિવાદીની ગેરહાજરીમાં દાવાવાળી મિલ્કતોમાં ગેરકાયદેસર પ્રવેશ કરવા કાયદો હાથમાં લેતાં હોય પ્રતિવાદીને વાદી વિરૂધ્ધ સામો દાવો કરવા કાયદેસરનું કારણ ઉદભવેલ છે.

વધુમાં સામો દાવો કરી આંક–૧૧ થી સામા મનાઈ હુકમની અરજી કરી જણાવેલ છે કે મોજે માલવણની મીલ્કત નં. ૩૬૩, ૩૬૪ મુળ ખાતેદારોએ પ્રતિવાદીને સને ૨૦૦૯ થી પ્રત્યક્ષ કબજે માલિકી હકકે વાદીની જાણમાં સોંપેલી છે. મુળ ખાતેદારો પૈકી કમળાબેન વિઠ્ઠલભાઈની માનસિક બિમારીનો વાદીએ ગેરલાભ લઈ પ્રતિવાદીના કાયદેસરના

હકકોને નુકશાન કરવા છેલ્લા બે વર્ષથી પ્રયત્ન કરતા દાવાવાળી મીલ્કત બાબતે અનેક પ્રોસીડીંગ થયેલ છે અને વાદીને પોતાની વગ પ્રમાણે પ્રતિવાદીની માલિકી કબજા ભોગવટાની દાવાવાળી મીલ્કતમાં ગેરકાયદેસર ઘુસી જવા સફળતા ના મળવાથી સદર દાવામાં પ્રતિવાદીને ખોટા સંડોવેલા છે અને દાવાવાળી મીલ્કતમાં સને ૨૦૦૯ થી પોષાતા પ્રતિવાદીના કાયદેસરના કાયમી અને કિંમતી હકકોને નાણાંથી બદલો ના વાળી શકાય તેવું ગંભીર પ્રકારનું નુકશાન સહન કરવાનો વારો આવે તેમ હોય પ્રતિવાદીએ સામો દાવો દાખલ કરી દાવા દરમ્યાન વાદીના તથા તેમના દિકરાઓના ગેરકાયદેસરના અપકૃત્યો અટકાવવા સામા મનાઈ હુકમની અરજી દાખલ કરવાની જરૂર પડી છે તેમ જણાવી અરજ કરેલ છે કે, મોજે માલવણની મીલ્કત નં.૩૬૩ તથા ૩૬૪ વાળી મીલકતમાં વાદી કે તેમના દિકરાઓ, તેમના માણસો, મળતિયા, મુખત્યાર પ્રતિવાદીની સામાવાળી મીલ્કતોમાં ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી કે પ્રતિવાદીને વાપર ઉપભોગ કરતા કોઈ પણ પ્રકારે હરકત અંતરાય, અટકાવ કરે કરાવે નહી તેવો વચગાળાનો હુકમ સામા દાવાનો આખરી નિકાલ થતા સુધી વાદી વિરૂધ્ધ ફરમાવવા તેમજ અરજીનુ તમામ ખર્ચ વાદી પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૪) વાદીએ આંક–૧૩ થી પ્રતિવાદી ના સામા દાવા તથા સામા મનાઈ અરજીની હકીકતો વિરૂધ્ધ જવાબ રજુ કરી જણાવેલ છે કે દાવાવાળી મીલ્કતો વાદીને તેમના કાકી કમળાબેનની સેવા ચાકરી કરવા બદલ સ્વસ્થ અવસ્થામાં શુધ્ધ બુધ્ધિથી તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજ દાવાવાળી મીલ્કતો અંગે નોટરી પબ્લીક સમક્ષ સાક્ષીઓની હાજરીમાં કાયદેસરનું વીલ યાને વસીયતનામું વાદીની તરફેણમાં લખી આપેલ છે. જે દાવાવાળી મીલ્કત વાદીને વીલથી પ્રાપ્ત થયેલ છે. દાવાવાળી મીલ્કતો જોડાજોડ આવેલી છે. જે હાલમાં વાદીના કબજા ભોગવટામાં આવેલી છે. પ્રતિવાદીએ તા.૧૨/૦૧/૨૦૦૯ ના રોજ વાદીના કાકા કાકીના વૃધ્ધાવસ્થા તથા શારીરિક બિમારીનો લાભ ઉઠાવી ગેરકાયદેસર બક્ષીસ લેખ કરાવી લીધેલ જે બક્ષીસ લેખના આધારે ગ્રામ પંચાયત રેકર્ડમાં બંને મીલ્કતોમાં કમળાબેન વિઠ્ઠલભાઈ પટેલના સહહિસ્સેદાર તરીકે પ્રતિવાદીનું નામ દાખલ થયેલ. પ્રતિવાદીનું નામ આકારણી પત્રકમાં સંપુર્ણ રીતે માલિક તરીકે દાખલ થયેલ નથી. સહ હિસ્સેદાર તરીકે નામ દાખલ થયેલું જે રદ કરવામાં આવેલ છે.

પ્રતિવાદીએ લખાવી લીધેલ બક્ષીસ લેખ નોટરી પબ્લીક રૂબરૂ લખવામાં આવેલ છે. સદર બક્ષીસ લેખ કાયદેસર રીતે યોગ્ય સ્ટેમ્પ ઉપર રજીસ્ટ્રાર કચેરીમાં નોંધવામાં આવેલ નથી. મીલ્કત હસ્તાંતર ધારાની કલમ–૧૨૨, ૧૨૩, ૧૨૪ તથા ૧૨૫ ની જોગવાઈઓ વિરૂધ્ધનો લેખ છે. તેમજ મીલ્કત હસ્તાંતર ધારાની કલમ–૧૨૬ મુજબ કાયદેસર રદ કરવામાં આવેલ છે. બક્ષીસ લેખ રજીસ્ટ્રેશન એકટની કલમ–૧૭ પ્રમાણે તથા મીલ્કત હસ્તાંતર ધારાની કલમ–૧૨૩ પ્રમાણે ફરજીયાત રજીસ્ટર્ડ થયેલ હોવો જોઈએ. જે રજીસ્ટર્ડ થયેલ ના હોય રદ બાતલ છે. વાદીના કાકી કમળાબેને પ્રતિવાદીને લખી આપેલ બક્ષીસ લેખમાં જણાવેલી શરતોનું પાલન દશરથભાઈ નહીં કરતા હોવાથી તેમજ વૃધ્ધાવસ્થામાં કમળાબેનની સેવા ચાકરી નહીં કરતા હોવાથી કમળાબેને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ગળતેશ્વર તાલુકાના સેવાલીયા મુકામે મામલતદારશ્રી રૂબરૂ તા.૨૪/૦૬/૨૦૧૬ ના રોજ સોગંદનામું કરી બક્ષીસ લેખ વાદીએ રજુ કરેલ ઝેરોક્ષ નકલ નિ.૩/૨ તા.૧૨/૦૧/૨૦૦૯ નો લેખ રદ કરેલ છે. તેમાં જણાવ્યા મુજબ ગુજરનાર કમળાબેને લખી આપેલ બક્ષીસ લેખમાં જણાવેલ શરતોનું પાલન પ્રતિવાદી દશરથભાઈ કરતા નહી હોવાથી એટલેકે કમળાબેનની સાર સંભાળ તેમજ ભરણપોષણ તેમજ સારવાર કરાવતા ન હોવાથી તેમજ કમળાબેનની મીલ્કત દશરથભાઈ પચાવી પાડવા વિશ્વાસઘાત છેતરપીંડી કરી કપટપુર્વક બક્ષીસ લેખ લખાવી લીધાની જાણ થતા બક્ષીસ લેખ રદ કરતું સોગંદનામું તા.૨૪/૦૬/૨૦૧૬ ના રોજ કમળાબેને નોટરી રૂબરૂ કરી આપી અનરજીસ્ટર ગેરકાયદેસર બક્ષીસ લેખ રદ કરેલ છે તે જાહેર કરેલ છે તેમજ માલવણ ગ્રામ પંચાયત ના આકારણી પત્રકે સહ હિસસેદાર તરીકે દાખલ કરાવેલ નામ રદ કરાવવા સોગંદનામુ કરી જાહેર કરેલ છે. સદર કામે વાદીનું નામ આકારણી પત્રકે ગ્રામ પંચાયત માલવણમાં ઘર નં. ૩૬૩, ૩૬૪ માં દાખલ થયેલ છે. વાદીના નામો ગ્રામ પંચાયત રેકર્ડમાં મકાનોમાં દાવાવાળી મીલ્કતમાં દાખલ કરવા અંગે કમળાબેને તા.૧૭/૧૧/૨૦૧૭ ના રોજ નોટરી એકવોકેટ રૂબરૂ સોગંદનામું કરેલ છે. જે નિ.૩/૬ થી રજુ છે. નિ.૩/૭ તથા નિ.૩/૮ માં જણાવ્યા મુજબ દાવાવાળી મીલ્કતો વાદીના નામે માલિક તથા કબજેદાર તરીકે પંચાયત રેકર્ડમાં નોંધાયેલા છે. વધુમાં નિ.૩/૯ ખેડા જિલ્લા પંચાયત અપીલ સમિતીનો વાદીનું નામ દાખલ કરવાનો ઠરાવ છે. નિ.૩/૧ વીલના આધારે વાદી દાવાવાળી મીલ્કતો મકાનોના માલિક કબજેદાર છે તેવું પ્રતિવાદી સારી

રીતે જાણતા હોવા છતાં તા.૧૦/૦૧/૨૦૨૦ ના રોજ પ્રતિવાદીએ દાવાવાળી મીલ્કતો અંગે ખોટો ઝઘડો કરતા તેમજ કબજો પડાવી લેવા ધમકીઓ આપતા હોવાથી વાદીએ વીલ કાયદેસર ઠરાવવા તેમજ પ્રતિવાદીએ લખાવી લીધેલ બક્ષીસ લેખ નિ.૩/૨ રદ બાતલ ઠરાવવા કાયમી મનાઈ હુકમની માંગણી કરતો દાવો કરી દાવા અરજી આંક–૧ ના પેરા–૭ માં જણાવ્યા મુજબ દાદ માંગતો દાવો કરેલ હોય તેમજ કામ ચલાઉ મનાઈ હુકમની અરજી કરેલ છે. પ્રતિવાદીએ સદર કામે દાવાનો ઉડાઉ ખોટો લેખિત જવાબ મનઘડત આપેલ છે. પ્રતિવાદીએ તદ્દન ખોટો જવાબ આપેલ છે. દાવાવાળી મીલ્કત વાદીને વીલથી પ્રાપ્ત થયેલી છે એ હકીકતોનો ઈન્કાર કરેલ નથી. પ્રતિવાદી દાવાવાળી મીલ્કતો જેમાં ફકત બે મકાનો ૩૬૩, ૩૬૪ અંગે જ તકરાર હોય અને દાદ માંગી હોવા છતાં પ્રતિવાદીએ આ મકાનો અંગે કોઈ કાયદેસર ખુલાસો કરી શકયા નથી અને જે ખેતીની જમીનો જેમાં પાલી સીમની જમીન ૫૦૧/૧ તથા માલણવ સીમની જમીન ૩૫૦ અંગે તકરારો ઉપસ્થિત કરેલ છે એ બંને ખેતીની જમીનો આ દાવાની વિષય વસ્તુ નથી જેથી પણ પ્રતિવાદી કોઈ કાયદેસર દાદ માંગી શકે તેમ નથી. વધુમાં પ્રતિવાદીના લીસ્ટમાં રજૂ કરેલ બક્ષીસ લેખ અનરજીસ્ટર હોય કાયદેસર નથી તેમજ બક્ષીસ લેખ રદ બાતલ ઠરાવેલ છે. બક્ષીસ લેખ લખી આપનાર કમળાબેને રદ કરેલ છે. પ્રતિવાદીનું નામ રેકર્ડમાંથી સહહિસ્સેદાર તરીકે કમી થઈ ગયેલ છે. રેવન્યુ રેકર્ડમાં ખેતીની જમીનોમાં પણ પ્રતિવાદીનું નામ દાખલ થયેલ નથી. જેથી કોઈ જ હકકો પ્રતિવાદીને પ્રાપ્ત થયેલા નથી. ટેક્ષ બીલ કે વીજળી બીલની પાવતીઓથી પ્રતિવાદીને મિલકતનું ટાઈટલ મળી શકે નહી કબજો પણ માની શકાય નહી. રેવન્યુ આકારણી ટેક્ષ વીજબીલ કે અન્ય કોઈપણ સરકારી બીન સરકારી ખાનગી કંપનીઓને ચૂકવણી કરવાથી વ્યકિત મીલકતનો માલિક બની જતો નથી કે કોઈ કાયદેસર હકક ધરાવતો નથી. ગ્રા.પં.મીલકત આકારણી પત્રમાં કે રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીનું નામ માલિક કે કબજેદાર તરીકે ચાલતા હોવાનો આખરી કોઈ જ પુરાવો પ્રતિવાદી પાસે નથી. પ્રતિવાદીએ રજૂ કરેલ ખેતીની જમીનો અંગે પક્ષકારો વચ્ચેની તકરાર રેવન્યુ ઓથોરીટીમાં પેન્ડીંગ હોય પ્રતિવાદી મીલકતના માલીક નથી કબજેદાર નથી. પ્રતિવાદીએ રજૂ કરેલ નોટીસો ગેરકાયદેસર છે. પ્રતિવાદીએ રજૂ કરેલા સમંતિ કરારો બોગસ ઉપજાવી કાઢેલા છે. પ્રતિવાદીએ રજૂ કરેલ પાલી સીમની જમીન સર્વે નં.૫૦૧/૧ અંગે

તલાટી કમ મંત્રીને વિઠ્ઠલભાઈ છોટાભાઈ પટેલની સહીવાળો કાગળમાં લખેલી લખાણની વિગતો તદ્દન જુઠ્ઠી અને બનાવટી છે. સદર લખાણમાં તારીખ પણ લખેલ નથી. હોસીયામાં લખેલ તારીખ પ્રતિવાદીએ ઉપજાવી કાઢેલી છે. પ્રતિવાદીએ રજૂ કરેલ કહેવાતી ૨૫/૦૧/૧૯ ની તારીખની નોટીસની ઝેરોક્ષ કાયદેસર નથી. આવી કોઈ નોટીસ તેઓને આપેલ નથી તેમજ તલાટી કમ મંત્રીને પણ નોટીસ મોકલાવી ની નોટીસ ઓફીસ કોપી (ઝેરોક્ષ) માં કોઈપણ તારીખ પાન નં.ર ઉપર નથી. પરંતુ તા. /૦૧/૧૯ આ પ્રમાણે લખેલ છે જેથી પણ સદર કોપી બનાવટી ઉપજાવી કાઢેલી છે તેવુ માનવાને કારણ છે. પ્રતિવાદીએ રજૂ કરેલ લીસ્ટ અનુક્રમ નંબર ૨૩ તથા ૨૬ વાળા દસ્તાવેજી પુરાવો બનાવટી ઉપજાવી કાઢેલ છે. જુના તા.૦૮/૧૧/૨૦૦૩ ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ લખી લેવામાં આવેલ છે. જેમાં વિઠ્ઠલભાઈની સહી નથી કે કમળાબેનનો અંગુઠો નથી. સહી અંગુઠા પ્રતિવાદીએ જાતે કરેલા છે જેથી ગેરકાયદેસર તથા બનાવટી છે. પ્રતિવાદી લીસ્ટના અનુક્રમ નં.૨૭ સંમતિ જવાબ જે વિઠ્ઠલભાઈ છોટાભાઈ તથા કમળાબેન વિઠ્ઠલભાઈના ત.ક.મંત્રી રૂબરૂ થયેલા હોવાનું જણાવી રજૂ કરેલ છે. તેની તમામ વિગતો શંકાસ્પદ અને ખોટી બનાવટી છે. તલાટી કમ મંત્રી રૂબરૂ આવા કોઈ જવાબો લેવામાં આવેલ નથી. પાલી મુકામે પ્રતિવાદીઓ કદી ગયેલા નથી. પ્રતિવાદીએ આ સંમતિ જવાબ કયા તલાટી, કયા ગામના, કઈ તારીખે, કયા સ્થળે વિઠ્ઠલભાઈ કે કમળાબેનનો સંમતિ જવાબ લીધેલ તે સ્થળ તારીખ જણાવેલ નથી. કરારમાં સહીઓ વિઠ્ઠલભાઈ કે કમળાબેનની નથી તલાટીની સહી પણ બનાવટી કરેલાનું માની શકાય તેમ છે. આમ પ્રતિવાદીએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા લખાણોનો ભારપૂર્વક ઈન્કાર કરેલ છે. પ્રતિવાદીએ આ તમામ લખાણો પોતાના દાવાને મદદરૂપ કરવા ઉભા કરેલા છે. પ્રતિવાદી દાવાવાળી મીલકતમાં કબજો પણ ધરાવતા નથી. વાદીના દાવાને કોઈ જ હકુમતનો બાધ નડતો નથી. કમળાબેનની તમામ રોકડ રકમ દાગીના બેંકની ડીપોઝીટની રકમો પ્રતિવાદી ઓળવી ગયા છે. પ્રતિવાદીની સામાદાવાની કોઈ બીના ખરી નથી. પ્રતિવાદીનો સામા દાવો સમયમર્યાદા બહારનો છે. વાદીએ વીલનુ પ્રોબેટ મેળવવુ જરૂર નથી તે અંગે સ્પષ્ટ કાયદો છે જેનો ખુલાસો તેઓ વાદી કેસની સુનાવણી વખતે કરશે. સદર કામે ખેતીની જમીનો પ્રતિવાદી મોજે પાલી સીમની જમીન સર્વે નં.૫૦૧/૧ પૈકી ખાતા નં.૪૭૭ અંગે જે તકરારો ઉઠાવી

જણાવેલ છે તે સબબ જણાવે છે કે સદર કામે બક્ષીસ લેખ લખી આપનાર કમળાબેને નામ. કલેકટરશ્રી ઠાસરામાં આર.ટી.એસ. કેસ નં.૫/૧૬ દાખલ કરેલ જેમાં ફેરફાર નોંધ નં.૭૬૪૭ જે સહભાગીદાર દશરથભાઈ પ્રતિવાદી નામ દાખલ કરાવેલ જે ફેરફાર નોંધ નામ.કલેકટરશ્રી, ઠાસરાનાઓએ તા.૧૨/૦૬/૨૦૧૮ ના રોજ નામંજુર કરેલ છે. જેથી પ્રતિવાદી દશરથભાઈએ આર.ટી.એસ. અપીલ નં.૫/૧૮ સામે ફેરતપાસ અરજી દાખલ કરેલી જે કલ ેકટરશ્રી, નડીયાદનાઓએ કેસ રીમાન્ડ કરેલ છે. ત્યાર બાદ રીમાન્ડ કેસ મામલતદારશ્રી, ગળતેશ્વરનાઓ રૂબરૂ નં.૨૪/૧૯ ચાલી જતા તા.૧૬/૦૧/૨૦ના રોજ મામલતદારશ્રી, ગળતેશ્વરનાઓએ ફેરફાર નોંધ નં.૭૬૪૭ અગાઉ મંજુર કરેલ હોય તેમ પક્ષકારો વચ્ચે કોર્ટમાં દાવો ચાલતો હોય બંને પક્ષકારોએ માન્ય રાખવાનો હુકમ કરેલ છે. જેની સામે વાદીએ નામ. કલેકટરશ્રી ઠાસરાનાને ત્યાં ૪૦/૨૦ ની અપીલ કરેલી જેમાં મામલતદારશ્રી ગળતેશ્વરનાઓએ કરેલ હુકમ રદ કરવામાં આવેલ છે. ત્યાર બાદ પ્રતિવાદીએ કલેકટરશ્રી, ખેડા–નડીયાદ મુકામે નામ.કલેકટરશ્રીના હુકમની સામે આર.ટી.એસ. રીવીઝન અરજી મનાઈ અરજી સાથે ૨૧૫/૨૦૨૦ દાખલ કરેલી જેમાં પ્રતિવાદીની મનાઈ અરજી તા.૧૪/૦૨/૨૦૨૦ ના રોજ રદ કરવામાં આવેલ છે તથા મુખ્ય રીવીઝન અરજી પેન્ડીંગ છે. જેથી પક્ષકારો વચ્ચે કોઈ આખરી હુકમ થયેલ નથી. તેમજ પ્રતિવાદી જણાવેલ સામા દાવામાં જમીન સર્વે નં .૩૫૦ માલવણ સીમમાં આવેલી છે. જેનો ખાતા નં.૨૧૪ છે. સદર જમીન વાદીને તા.૦૯/૧૧ /૨૦૧૭ ના રોજના વીલ થી પ્રાપ્ત થયેલી છે. જેના આધારે સદર જમીનોના તેઓ માલીક તથા કબજેદાર છે. મોજે માલવણ સીમની જમીન સર્વે નં.૩૫૦ જે વાદીને વીલથી પ્રાપ્ત થયેલ છે તે અંગે હાલમાં કલેકટરશ્રી ખેડા નડીયાદને ત્યાં ફેરફાર નોંધ નં.૧૧૩૮ ની મંજુરી માટેની આપીલ પેન્ડીંગ છે. જે અંગે રેવન્યુ કોર્ટોમાં કાર્યવાહી ચાલુ છે. પ્રતિવાદીનો કોઈ જ પ્રથમ દર્શનીય કેસ નથી, પ્રતિવાદી માલીક અને કબજેદાર નથી તથા બેલેનસ ઓફ કન્વીયનસ પ્રતિવાદીની તરફેણમાં નથી. પ્રતિવાદીની સામાદાવામાં કરેલી મનાઈ અરજી કાયદેસર ચાલી શકે તેમ નથી. જેથી પ્રતિવાદીની એક તરફી કામ ચલાઉ મનાઈ અરજી રદ કરી પ્રતિવાદીનો સામો દાવો ન્યાયના હિતમાં રદ કરવાની જરૂર છે.

(૫) વાદી જીતેન્દ્રભાઈ કિશારભાઈ પટેલનાઓ આંક–૧૫ થી કાઉન્ટર સોગંદનામુ રજુ કરી જણાવેલ છે કે, વાદીએ પ્રતિવાદી સામે મોજે.માલવણ, તા.ગળતેશ્વર, ગ્રા.પં.મીલકત આકારણી નં.૩૬૩, ૩૬૪ ના મકાનો અંગે એટલે કે વાદીના કબજા ભોગવટાવાળા મકાનો જે વાદીને ગુજરનાર કમળાબેન વિઠ્ઠલભાઈ પાસેથી વીલ થી પ્રાપ્ત થયેલા છે તેના હકકોના રક્ષણ માટે પ્રતિવાદી સામે નંબર મજકુરનો દાવો એટલે કે પ્રતિવાદીએ છેતરપીંડી, બનાવટી, વિશ્વાસઘાતથી અનરજીસ્ટર બક્ષીસ લેખ લખાવી લઈ લેખ લખી આપનાર કમળાબેનની સારવાર ભરણપોષણ દવા ખર્ચ ખોરાકીની વ્યવસ્થા સેવા ચાકરી નીહ કરતા હોવાથી કમળાબેને લખી આપેલ દાવામાં રજૂ કરેલ બક્ષીસ લેખ રદ કરાવવા તથા વાદીને લખી આપેલ વીલ થી માલવણ મીલકતો ગ્રા.પં.નં. ૩૬૩, ૩૬૪ વાપર ઉપભોગમાં પ્રતિવાદી હરકત અંતરાય અટકાવ કરી મીલકતોનો કબજો પડાવી લેવાની ધમકીઓ આપતા હોય મીલકતના રક્ષણ માટે જાથુના મનાઈનો દાવો કરી પ્રતિવાદી સામે એક તરફી મનાઈ હુકમની માંગણી કરતી અરજી આંક–૧ તથા આંક–૫ તથા દાવા સાથે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા મુજબ પ્રતિવાદીઓને અપકૃત્યો કરતા અટકાવવા દાવો કરી મનાઈ હુકમની માંગણી કરેલી છે. પ્રતિવાદીએ દાવા તથા મનાઈ અરજીનો ખોટો ઉડાઉ જવાબ આપેલ છે જેનો વાદીએ વિગતે જવાબ પણ આપેલ છે. વાદી સામે પ્રતિવાદીએ સામો દાવો કરી મનાઈ અરજી કરેલી તેનો વિગતે જવાબ તથા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી વાદીએ અલગ રજૂ કરેલ છે. આમ સમગ્ર કેસનું રેકર્ડ દસ્તાવેજી પુરાવા વંચાણે લઈ ન્યાયીક હુકમ કરવાની જરૂર છે. પ્રતિવાદીનો કોઈ જ પ્રથમ દર્શનિય કેસ નથી. પ્રતિવાદી સામે મનાઈ હુકમ ફરમાવવાથી તેમને કોઈ જ નુકશાન થાય તેમ નથી દાવાવાળી મીલકતોના પ્રતિવાદી માલીક નથી કબજેદાર નથી જેથી પણ પ્રતિવાદીને અપકૃત્યો કરતા અટકાવવા એટલેકે વાદીને વીલ થી પ્રાપ્ત થયેલી મીલકતોના વાપર ઉપભોગમાં હરકત અંતરાય અટકાવ કરે નહી તે માટે વાદીની તરફેણમાં પ્રતિવાદીઓ સામે એક તરફી કામ ચલાઉ મનાઈ અરજી તેમની મંજુર ન્યાયના હિતમાં કરવા અરજ ગુજારેલ છે.

(૬) આ કામે આ અરજીના મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## – <u>મુદ્દા</u> –

(૧) શું વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૨) શું પ્રતિવાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૩) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૪) શું સગવડતા અગવડતાની સમતુલા પ્રતિવાદીની તરફેણમાં છે ?

(૫) શું પ્રતિવાદી વિરૂધ્ધ મનાઈ ફરમાવવામાં ન આવે તો વાદીને નાણાંથી બદલો નહી મળી શકે તેવુ ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે ?

(૬) શું વાદી વિરૂધ્ધ મનાઈ ફરમાવવામાં ન આવે તો પ્રતિવાદીને નાણાંથી બદલો નહી મળી શકે તેવુ ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે ?

(૭) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે :

(૧) અંશતઃ હકારમાં

(૨) અંશતઃ હકારમાં

(૩) અંશતઃ હકારમાં

(૪) અંશતઃ હકારમાં

(૫) અંશતઃ હકારમાં

(૬) અંશતઃ હકારમાં

(૭) આખરી હુકમ મુજબ

(૮) ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે

## /// કા ર ણો ///

(૯) આ કામના વાદીએ મનાઈ અરજીના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટ થી નિ.૩/૧ થી નિ.૩/૯ તથા આંક–૧૪ ના લીસ્ટ થી નિ.૧૪/૧ થી નિ.૧૪/૧૧ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. તેમજ પ્રતિવાદીએ વાંધા–જવાબ તથા સામી મનાઈ અરજીના સમર્થનમાં આંક–૧૦ ના લીસ્ટ થી નિ.૧૦/૧ થી ૧૦/૩૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૧૦) વાદીના વિ.વ.શ્રી. કે.એન.પટેલનાઓએ તેઓની આંક–૧૯ થી લેખિત દલીલ રજુ કરી આંક–૫ ની મનાઈ અરજી તથા આંક–૧૩ નાં લેખીત જવાબ મુજબની દલીલો કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે વાદીનાં લાભમાં તેમનાં કાકીએ નોટરી પબ્લીક રૂબરૂ બે સાક્ષીઓની હાજરીમાં વીલ યાને વસીયતનામું કરી આપેલ છે. તેમજ પ્રતિવાદીનાં લાભમાં કરવામાં આવેલ બક્ષીસ લેખ રજીસ્ટર્ડ કરવામાં આવેલો નથી. તેમજ મજકુર બક્ષીસ લેખ રદ કર્યા બદલનું સોગંદનામું પણ કમળાબેને કરેલ છે અને પ્રતિવાદીએ કમળાબેનની મીલ્કતને પચાવી પાડવા વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી કપટ પુર્વક કરાવેલ છે. તેમજ દાવાવાળી મીલ્કત પંચાયત દફતરે વાદીનાં નામે વીલનાં આધારે ફેરફાર થયેલ હોવાનું જણાવેલ છે. તેમજ ટેક્ષ બીલ કે વીજળી બીલથી પ્રતિવાદીને મીલ્કતનું ટાઈટલ મળી શકે નહી કે કબજો પણ માની શકાય નહીં તેવું જણાવેલ છે અને વાદી કમળાબેનનાં વીલ યાને વસીયતનામાં રૂએ માલીક અને કબજેદાર બનેલાં છે. તેમજ વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાની તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ હોવાની હકીકત જણાવી આંક–૫ ની મનાઈ અરજી મંજુર કરવા જણાવેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી તરફે આંક–૨૧ થી લેખીત દલીલ રજુ કરેલ છે. જેમા પ્રતિવાદીએ એવી હકીકત જણાવેલી છે કે વાદીએ દાવાવાળી મીલ્કતમાં પ્રથમ દર્શનીય માલીકી હકક અધીકાર હોવાનું પુરવાર કરવું જોઈએ તેમજ વાદીએ કમળાબેન વિઠૃલભાઈની છેલ્લી અવસ્થામાં ફાવતા લખાણો પ્રતિવાદીની પીઠ પાછળ ઉભા કરેલાં હોવાનું પણ નાયબ વિકાસ

કમીશનર સાહેબે તેમનાં ઠરાવમાં અવલોકન કરેલ છે અને મીલ્કત નંબર–૩૬૩ અને ૩૬૪ પ્રતિવાદીને કાયદેસરના માલીક કબજેદાર ઠરાવી પ્રત્યક્ષે કબજે સોંપી દીધેલ હોવાનું જણાવેલ છે અને દાવાવાળી મીલ્કતમાં વાદીનો કોઈ જ હકક અધીકાર કે કબજો ન હોવાનું જણાવેલ છે. તેમજ કમળાબેનનાંએ કોઈ વસીયતનામું કરી આપેલ નથી અને વડીલોપાર્જીત મીલ્કતનું વસીયતનામું કાયદાની જોગવાઈ વિરૂધ્ધનું છે. તેમજ પ્રતિવાદી નંબર–૧ નાં લાભમાં કરવામાં આવેલ બક્ષીસ લેખ કોઈ કોર્ટે રદ બાતલ ઠરાવેલ નથી અને તે સંજોગમાં વાદીની આંક–૫ ની અરજી રદ કરી પ્રતિવાદીની આંક–૧૧ ની મનાઈ અરજી મંજુર કરવા જણાવેલ છે.

(૧૧) **<u>મુદ્દા નં. ૧ થી ૬</u> :–**

સદરહુ દાવાના કામનું બન્ને પક્ષોનું પ્લીડીંગ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, ઉપરોકત ત્રણેય મુદ્દાઓ એકબીજાને સંલગ્ન હોય પુરાવાની હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે. વાદીએ તેમની મનાઈ અરજી સાબિત કરવા માટે **સી.પી.સી.**નાં **ઓર્ડર–૩૯** મુજબ જણાવવામાં આવેલ **ત્રણ આવશ્યક તત્વો** સાબિત કરવા જોઈએ. જેમકે, વાદીનો **પ્રથમ દર્શનીય કેસ** હોવો જોઈએ, જો વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવવામાં ન આવે તો વાદીને **નાણાંથી બદલો ન મળી શકે તેવું ગંભીર પ્રકારનું નુકશાન** થતું હોવું જોઈએ તથા **સગવડ અગવડતાની સમતુલા** વાદીની તરફેણમાં થવું જરૂરી છે. તો જ વાદી મનાઈ હુકમ મેળવવા હકદાર થાય છે. તે જ રીતે પ્રતિવાદીએ પણ તેમની મનાઈ અરજી સાબિત કરવા માટે **સી.પી.સી.**નાં **ઓર્ડર–૩૯** મુજબ જણાવવામાં આવેલ આ **ત્રણ આવશ્યક તત્વો** સાબિત કરવા જોઈએ કે પ્રતિવાદીનો **પ્રથમ દર્શનીય કેસ** હોવો જોઈએ, જો પ્રતિવાદીની તરફેણમાં અને વાદીની વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવવામાં ન આવે તો પ્રતિવાદીને **નાણાંથી બદલો ન મળી શકે તેવું ગંભીર પ્રકારનું નુકશાન** થતું હોવું જોઈએ તથા **સગવડ અગવડતાની સમતુલા** પ્રતિવાદીની તરફેણમાં થવું જરૂરી છે.

વાદીએ મનાઈ અરજીના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી વાદી તર્ફે નિ.૩/૧ થી વાદીને તેમના કાકી કમળાબેન વિઠ્ઠલભાઈ પટેલે કરી આપેલ વીલ યાને વસીયતનામાની ઝેરોક્ષ નકલ, નિ.૩/ર થી પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે કરાવેલ બક્ષીસ લેખની ઝેરોક્ષ નકલ, નિ.૩/૩ થી વાદીના કાકા વિઠ્ઠલભાઈ છોટાભાઈ પટેલના મરણના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, નિ.૩/૪ થી વાદીના કાકી કમળાબેન વિઠ્ઠલભાઈ પટેલના મરણના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, નિ.૩/૫ થી કમળાબેન વિઠ્ઠલભાઈ પટેલે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ કરેલ સોગંદનામાની ઝેરોક્ષ નકલ, નિ.૩/૬ થી કમળાબેન વિઠ્ઠલભાઈ પટેલે નોટરી પબ્લીક સમક્ષ વીલ અંગે કરેલ સોગં દનામાની ઝરોક્ષ નકલ, નિ.૩/૭ થી ગ્રામ પંચાયત મકાન નં.૩૬૩ ની આકરણી પત્રકની ઝેરોક્ષ નકલ, નિ.૩/૮ થી ગ્રામ પંચાયત મકાન નં.૩૬૪ ની આકરણી પત્રકની ઝેરોક્ષ નકલ, નિ.૩/૯ થી ખેડા જિલ્લા પંચાયત અપીલ સમીતીના હુકમની ઝેરોક્ષ નકલ, નિ.૩/૧૦ થી ગુજરાત રાજયના અધિક વિકાસ કમિશ્નરશ્રી મુ.ગાંધીનગરના હુકમની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે તથા આંક–૧૪ ના લીસ્ટ થી નિ.૧૪/૧ થી ગુજરનાર કમળાબેન વિઠલભાઈ પટેલના નોટરી રૂબરૂના સોંગદનામાની ઝેરોક્ષની નકલ, નિ.૧૪/ર થી આર.ટી.એસ કેસ નં.૫/૧૬ ના હુકમની ઝેરોક્ષ નકલ, નિ.૧૪/૩ થી આર.ટી.એસ રીવીઝન નં.૧૫ર/૧૮ ના હુકમની ઝેરોક્ષ નકલ, નિ.૧૪/૪ થી આર.ટી.એસ રીમાન્ડ કેસ નં.ર૪/૧૯ ના કામે હુકમની ઝેરોક્ષ નકલ, નિ.૧૪/૫ થી આર.ટી.એસ કેસ નં.૪૦/ર૦ ના કામે હુકમની ઝેરોક્ષ નકલ, નિ.૧૪/૬ થી આર.ટી.એસ રીવીઝન નં.ર૧૫/ર૦ ના હુકમની ઝેરોક્ષ નકલ, નિ.૧૪/૭ થી ગુજરનાર કમળાબેને વાદી જીતેન્દ્રભાઈને લખી આપેલ વીલની ઝેરોક્ષ નકલ, નિ.૧૪/૮ થી મે.જિલ્લા કલેકટરશ્રી નડીયાદનાને કરેલ અપીલ ર૩૬/ર૦ર૦ ની ઝેરોક્ષ નકલ, નિ.૧૪/૯ થી દાવાવાળી મીલકત મકાન અંગે મધ્ય ગુજરાત વીજ કંપનીમાં ભરેલ બીલની ઝેરોક્ષ નકલ, નિ.૧૪/૧૦ થી મધ્ય ગુજરાત વીજ કંપનીમાં ભરેલ વીજ બીલની પાવતીની ઝેરોક્ષ નકલ, નિ.૧૪/૧૧ થી મધ્ય ગુજરાત વીજ કંપનીમાં ભરેલ વીજ બીલની પાવતીની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જયારે પ્રતિવાદીનાઓએ તેઓના વાંધા–જવાબના સમર્થનમાં આંક–૧૦ ના લીસ્ટથી પ્રતિવાદીઓ તર્ફે નિ.૧૦/૧ થી મિલ્કત નં.૩૬૩–૩૬૪નો બક્ષીસ લેખ, નિ.૧૦/ર થી વિવાદ વાળી મિલ્કતની આકારણી પત્રકની નકલ, નિ.૧૦/૩ થી મિલ્કત નં.૩૬૩ ની આકારણીનો દાખલો, નિ.૧૦/૪

થી મિલ્કત નં.૩૬૪ ની આકારણીનો દાખલો, નિ.૧૦/૫ થી મિલ્કત નં.૩૬૩ ની આકારણી પત્રકની નકલ, નિ.૧૦/૬ થી મિલ્કત નં.૩૬૪ની આકારણી પત્રકની નકલ, નિ.૧૦/૭ થી મિલ્કત નં.૩૬૩ની આકારણી પત્રકની નકલ, નિ.૧૦/૮ થી મિલ્કત નં.૩૬૪ની આકારણી પત્રકની નકલ, નિ.૧૦/૯ થી ઘર નં.૩૬૩, ૩૬૪ ની વેરાની પાવતી, નિ.૧૦/૧૦ થી ઘર નં .૩૬૩, ૩૬૪ ની વેરો ભર્યાની પાવતી, નિ.૧૦/૧૧ થી ઘર નં.૩૬૩,૩૬૪ ની વેરો ભર્યાની પાવતી, નિ.૧૦/૧૨ થી દાવાવાળી મિલ્કતનું લાઈટ બીલ અને પાવતી, નિ.૧૦/૧૩ થી દાવાવાળી મિલ્કતનું લાઈટબીલ, નિ.૧૦/૧૪ થી દાવાવાળી મિલ્કતના વિજ વપરાશની પાવતી, નિ.૧૦/૧૫ થી પ્રતિવાદીએ આપેલ નોટીસની નકલ, નિ.૧૦/૧૬ થી પ્રતિવાદીએ આપેલ અરજીની નકલ, નિ.૧૦/૧૭ થી પ્રતિવાદીએ આપેલ નોટીસની નકલ, નિ.૧૦/૧૮ થી પ્રતિવાદીએ આપેલ પોલીસ ફરીયાદની નકલ, નિ.૧૦/૧૯ થી પ્રતિવાદીએ આપેલ અરજીની નકલ, નિ.૧૦/૨૦ થી પ્રતિવાદીએ આપેલ નોટીસની નકલ, નિ.૧૦/૨૧ થી પ્રતિવાદીએ આપેલ નોટીસની નકલ, નિ.૧૦/૨૨ થી પ્રતિવાદીએ આપેલ નોટીસની નકલ, નિ.૧૦/૨૩ થી કમળાબેન અને વિઠ્ઠલભાઈએ આપેલ અરજી, નિ.૧૦/૨૪ થી પ્રતિવાદીએ લખી આપેલ સંમતિ કરાર, નિ.૧૦/૨૫ થી વિઠ્ઠલભાઈ છોટાભાઈની અરજીની નકલ, નિ.૧૦/૨૬ થી વિઠ્ઠલભાઈએ લખી આપેલ સંમતિલેખ, નિ.૧૦/૨૭ થી વિઠ્ઠલભાઈએ તલાટી રૂબરૂ આપેલ જવાબ, નિ.૧૦/૨૮ થી સર્વે નં.૫૦૧/૧ ની ૧૩૫ ડી ની નોટીસ, નિ.૧૦/૨૯ થી પ્રતિવાદીનું સોંગદનામુ, નિ.૧૦/૩૦ થી પ્રતિવાદીએ દાવાવાળી મિલ્કતો રીપેર કરાવી તેના ખર્ચનો હિસાબ, નિ.૧૦/૩૧ થી દાવાવાળી મિલ્કતોના દરવાજાની ઝેરોક્ષ નકલ, નિ.૧૦/૩૨ તકરારી કેસ નં.૨૪/૧૯ નો ઠરાવ, નિ.૧૦/૩૩ થી તકરારી કેસ નં.૧૧/૧૯ નો ઠરાવ, નિ.૧૦/૩૪ થી ફેરફાર નોંધ નં.૧૧૩૮ ની હકક પત્રકની નકલ, નિ.૧૦/૩૫ થી પ્રતિવાદીએ આપેલ અરજીની નકલ રજુ કરેલ છે.

આમ રજુ થયેલ આંક–૫ અને આંક–૧૧ ની મનાઈ અરજીઓ તથા તેના જવાબો અને રજુ થયેલ તમામ દસ્તાવેજો તેમજ પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લેતા વાદીએ હાલની આંક–૫ ની મનાઈ અરજીમાં એવી દાદ માંગેલ છે કે, સદર દાવાવાળી જમીનમાં આ કામનાં ગ્રામપંચાયત મકાન નંબર–૩૬૩ તથા ૩૬૪ વાળી દાવાવાળી મીલ્કતોનો પ્રત્યક્ષ કબજો

પ્રતિવાદી જાતે તથા તેમનાં વારસો તથા અજેન્ટો મારફતે અમો વાદી પાસેથી લે લેવડાવે નહી તે બદલનો મનાઈ હુકમ મેળવવા અરજી આપેલ છે. તેવી જ રીતે પ્રતિવાદીએ આંક–૧૧ ની સામા મનાઈ હુકમની અરજીમાં એવી દાદ માંગેલી છે કે મોજે "માલવણ " ની મીલ્કત નંબર–૩૬૩, ૩૬૪ વાળી રહેણાંક મીલ્કતમાં વાદી કે તેમના દીકરાઓ, તેમના માણસો, મળતીયા, મુખત્યાર પ્રતિવાદીની સામાવાળી મીલ્કતોમાં ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી કે પ્રતિવાદીને વાપર ઉપભોગ કરતાં કોઈપણ પ્રકારે હરકત અંતરાય, અટકાવ કરે કરાવે નહીં તેવો સામો મનાઈ હુકમ મેળવવા અરજી આપેલ છે. તે મુજબ મનાઈ હુકમનાં મુખ્યત્વે ત્રણ તત્વો (૧) પ્રાયમાફેસી કેસ (૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને (૩) ઈરરીપેરેબલ લોસ કોની તરફેણમાં આકર્ષાય છે તે મુજબ જોઈએ તો સદર કામે વાદીએ તેઓની હાલની અરજીનાં સમર્થનમાં નિ–૩/૧ થી નિ–૩/૯ તથા નિ–૧૪/૧ થી નિ–૧૪/૧૧ સુધીનાં જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલાં છે તેમાં નિ–૩/૧ તથા નિ–૧૪/૭ થી કમળાબેન વિઠૃલભાઈ પટેલનાં વીલ યાને વસીયતનામાંની નકલ રજુ છે, તેમજ નિ–૩/૨ થી પ્રતિવાદીનાં લાભમાં કરવામાં આવેલ બક્ષીસનામાં લેખની નકલ રજુ કરેલ છે, નિ–૩/૩ થી વિઠૃલભાઈનાં મરણનો દાખલો રજુ કરેલ છે. તેમજ નિ–૩/૪ થી કમળાબેન વિઠૃલભાઈનાં મરણનો દાખલો રજુ કરેલ છે, નિ–૩/૫ તથા નિ–૩/૬ થી કમળાબેનનું સોગંદનામું રજુ કરેલ છે તથા નિ–૩/૭ અને નિ–૩/૮ થી આકારણીનાં દાખલાની નકલ રજુ કરેલ છે. તેમજ નિ–૩/૯ અને નિ–૩/૧૦ થી જીલ્લા પંચાયત અપીલ સમીતીનાં ચુકાદાની તથા અધીક વિકાસ કમીશનરશ્રીનાં ચુકાદાની નકલ રજુ કરેલ છે. તેમજ નિ–૧૪/૧ થી નિ–૧૪/૬ સુધી રેવન્યુ કોર્ટોનાં ચુકાદાની નકલ રજુ કરેલ છે. તેમજ નિ–૧૪/૮ થી કલેકટરને કરેલ અપીલ મેમોની નકલ રજુ કરેલ છે અને નિ–૧૪/૯ થી નિ–૧૪/૧૧ સુધી વીજળી બીલ ભર્યા બદલની પાવતીની ઝેરોક્ષ રજુ કરેલ છે. આ કામે વાદી જે વીલ યાને વસીયતનામાંને કાયદેસર ઠરાવવા અંગેની દાદ માં ગે છે તે વીલ યાને વસીયતનામું વંચાણે લેતાં મજકુર વીલ યાને વસીયતનામું નોટરી પબ્લીક રૂબરૂ નોંધવામાં આવેલ છે. પરંતુ નોટરી પબ્લીક તરફથી મજકુર વીલમાં તેમનાં રજીસ્ટરમાં નોં ધવામાં આવેલ હોવા બદલનો કોઈ જ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમજ કમળાબેન વિઠૃલભાઈ પટેલનાંએ તેમનાં અગુંઠાનું નિશાન કોની રૂબરૂ કરેલ છે તે પણ દર્શાવેલ નથી અને તે

સંજોગમાં મજકુર વીલ યાને વસીયતનામુ વાદી કાયદેસર રીતે પુરાવો આપી પુરવાર ન કરે ત્યાં સુધી માની શકાય તેમ નથી. તેમજ પ્રતિવાદી તરફે નિ–૧૦/૧ થી ૧૦/૩૫ સુધી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓમાં મુખ્યત્વે નિ–૧૦/૧ થી રજુ કરેલ બક્ષીસ લેખની નકલ રજુ કરેલ છે. તેમજ તે સીવાયનાં અન્ય પુરાવાઓમાં આકારણીપત્ર તથા લાઈટ બીલ, લાઈટ બીલ ભર્યા બદલની પાવતી તથા ઘર વેરાની પાવતી રજુ કરેલ છે અને તે સીવાય અન્ય પુરાવાઓ રજુ કરેલ છે. તેમજ આ કામે પ્રતિવાદી મુખ્યત્વે નિ–૧૦/૧ થી રજુ કરેલ બક્ષીસ લેખ ઉપર આધાર રાખે છે. પરંતુ મજકુર બક્ષીસ લેખ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ–૧૨૨ મુજબનો નથી. તેમજ મજકુર બક્ષીસ લેખ રજીસ્ટ્રેશન એકટની કલમ–૧૭ હેઠળ ફરજીયાત નોંધણીને પાત્ર છે પરંતુ મજકુર બક્ષીસ લેખની નોંધણી થયેલ નથી. તેમજ મજકુર બક્ષીસ લેખમાં ગુજરાત સ્ટાંપ અધીનીયમનાં આર્ટીકલ–૨૮ મુજબ જે સ્ટાંપ વાપરવો જોઈએ તેવો સ્ટાંપ પણ વાપરવામાં આવેલ ન હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે. એ રીતે મજકુર બક્ષીસ લેખ પ્રતિવાદી કાયદેસર રીતે પુરવાર ન કરે ત્યાં સુધી માની શકાય તેમ નથી. તેમજ વાદી તથા પ્રતિવાદી તરફે લાઈટ બીલ ભર્યા બદલની પાવતીઓ પણ રજુ કરેલ છે. પરંતુ તેવી પાવતીઓથી દાવાવાળી મીલ્કતનો કબજો પુરવાર થઈ શકતો નથી. વધુમા હાલની આંક–૫ તથા આંક–૧૧ ની અરજીનાં અનુસંધાનમાં વાદી તથા પ્રતિવાદી તરફથી તેમનાં કબજા હકક અં ગે કોઈ જ સચોટ પુરાવો રજુ કરેલ નથી કે વાદી તથા પ્રતિવાદી તરફથી તેમના કબજા હકક અંગે આજુબાજુનાં રહીશોનાં કોઈ જ સોગંદનામાં પણ રજુ કરેલાં નથી. એ રીતે વાદી તથા પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતાં દાવાવાળી મીલ્કતનાં કબજા અંગેની કોઈ જ પરીસ્થિતી સ્પષ્ટ થતી નથી. જેથી તે હકીકત પક્ષકારોનો પુરાવો લીધાં બાદ જ સ્પષ્ટ થઈ શકે તેમ છે. તેમજ મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે હાલના તબકકે રજુ થયેલ પુરાવા જ ધ્યાને લેવાના હોય છે અને રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા તથા ઉપર જણાવેલ કારણો ધ્યાને લેતાં વાદી તથા પ્રતિવાદી તેમનો પ્રથમદર્શનીય કેસ હોવાનું તથા સગવડતા અગવડતાની સમતુલા તેમની તરફેણમાં હોવાનુ અને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાનું સ્પષ્ટપણે પુરવાર કરી શકેલ નથી. તે સંજોગોમાં વાદી તથા પ્રતિવાદી દાવાવાળી વાદગ્રસ્ત મીલ્કતની

યથાવત પરિસ્થિતી દાવાનો આખરી નીકાલ આવે ત્યાં સુધી જાળવી રાખે તેવો હુકમ કરવો ન્યાયોચિત જણાતો હોય **મુદ્દા નં. ૧ થી ૬** નો નિર્ણય **અંશતઃ હકારમાં** આપી **મુદ્દા નં. ૭** અંગે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) વાદીની આંક–૫ ની મનાઈ અરજી તથા પ્રતિવાદીની આંક–૧૧ ની સામી મનાઈ અરજી આથી **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

(૨) વાદીની તથા પ્રતિવાદીએ દાવાવાળી વાદગ્રસ્ત મીલ્કતની યથાવત પરીસ્થિતી દાવાનો આખરી નીકાલ આવે ત્યાં સુધી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે હાલ કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૪) આ હુકમની નકલ આંક–૧૧ ની સામી મનાઈ અરજી જોડે સામેલ રાખવી.

હુકમ આજ રોજ તા.૦૭ મી, માહે–ડિસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૭/૧૨/૨૦૨૧
સ્થળ : સેવાલીયા.

**(એફ.એફ.બારડોલીવાલા)**
પ્રિન્સીપાલ સિવિલ જજ,
ગળતેશ્વર એટ સેવાલીયા.
Code No. GJ01286